INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• **E-mail:** gpcc1234@gmail.com

---

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　તા. 07-04-2022

- **"જે લોકોને રાજ્યનું શિક્ષણ સારું ના લાગતું હોય તે બીજા દેશ કે રાજ્યમાં જાય" શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીનું આ નિવેદન અહંકારથી ભરેલું અને લાખો વાલીઓ, બાળકો અને યુવાનોના અપમાન સમાન, ભાજપ મંત્રીશ્રીનું રાજીનામું લે અને માફી માંગે.- અર્જુન મોઢવાડીયા**
- **રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૧૯,૦૦૦ ઓરડા, ૨૮ હજાર શિક્ષકોની ઘટ, માધ્યમિક શાળાઓ-કોલેજોમાં શિક્ષકોની જગ્યા ખાલી, લાયબ્રેરીયન, પી.ટી.આઈ., વહીવટી સ્ટાફની ભરતી બંધ**
- **જગ્યાઓ ભરવાને બદલે પ્રવાસી શિક્ષકોની પ્રથાએ વિદ્યાર્થીઓને પણ પ્રવાસી બનાવી દીધા.**
- **દેશની પ્રથમ ૧૦૦ યુનિવર્સિટીઓમાં એકપણ ગુજરાતની નહીં, કુલપતિઓ તરીકે ઉત્તમ અધ્યાપકોની નિમણુંક કરવાને બદલે આરએસએસ બેકગ્રાઉન્ડવાળા, લાયકાત વગરના ભ્રષ્ટ લોકોની નિમણુંક**
- **ભાજપે ૨૭ વર્ષમાં શિક્ષણ વ્યવસ્થાને ખાડામાં નાંખીને ખાનગી શાળા-કોલેજો-યુનિવર્સિટીઓને પ્રજાને લૂંટવાનો પરવાનો આપી દીધો.**
- **રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ૧૯૯૫ પહેલાંના કોંગ્રેસના શાસનમાં પૂરતા શિક્ષકો, શિક્ષકોને પૂરો પગાર, નવી કોલેજો-શાળાઓને દર વર્ષે મંજુરી સહિતની વ્યવસ્થાઓનો અભ્યાસ કરીને બજેટમાં પુરતી નાણાંકીય જોગવાઈ કરવાને બદલે ગુજરાતની જનતાને રાજ્યને છોડવાની ધમકીઓ આપે છે.**
  **- અર્જુન મોઢવાડીયા**

રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા, માળખાકીય સવલતો વધારવા કે પૂરતા શિક્ષકો નીમવાને બદલે રાજ્યના બાળકોને બીજા દેશ કે રાજ્યમાં ચાલ્યા જવાની રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની ધમકી આપવી એ ભારતીય જનતા પાર્ટીના અહંકાર અને સારા ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે આતુર લાખો વાલીઓ, બાળકો અને યુવાનો માટે તિરસ્કારભર્યું હોવાનું જણાવીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ ભારતીય જનતા પાર્ટી પાસે શિક્ષણ મંત્રીશ્રીનું રાજીનામું લઈ લેવા તેમજ વાલીઓ, બાળકો અને યુવાનોના અપમાન બદલ માફી માગવાની માંગણી કરી હતી.

"જેમને ગુજરાતમાં શિક્ષણ સારું ન લાગતું હાય તેઓ લીવીંગ સર્ટીફીકેટ કઢાવીને બીજા દેશ કે રાજ્યમાં જતા રહે" તેવા શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના ધમકી અને અહંકારભર્યા વક્તવ્યના આકરા પ્રત્યાઘાત આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧ શિક્ષકથી ચાલતી ૭૦૦ પ્રાથમિક શાળાઓ છે. રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૯ હજાર ઓરડાઓ અને ૨૮ હજાર શિક્ષકોની ઘટ છે. હજારો શાળાઓમાં કોમ્પ્યુટરો નથી અને જ્યાં કોમ્પ્યુટરો છે ત્યાં કોમ્પ્યુટરો શીખવવા માટેના નિષ્ણાત શિક્ષકો નથી. શાળાઓમાં રમતગમતના મેદાન કે પીવાના પાણીની વ્યવસ્થા નથી, સફાઈ કરાવવાની

વ્યવસ્થા નથી. શિક્ષકો પાસે બાળકોને ભણાવવાના કામને બદલે ઢોર-કુતરાં ગણવાથી શરૂ કરીને ભાજપના રાજકીય કાર્યક્રમોમાં કે સરકારી મેળાવડાઓમાં ભીડ ભેગી કરવાનું કામ કરાવવામાં આવી રહ્યું છે.

આવી જ હાલત સરકારી અને ગ્રાન્ટવાળી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને કોલેજોની છે. આવી શાળા-કોલેજોમાં શિક્ષકો/અધ્યાપકોની ખાલી પડેલ જગ્યાઓ પર ભરતી કરાતી નથી. શાળા-કોલેજોમાં નોન ટીચીંગ સ્ટાફ, લાયબ્રેરીયન કે રમતગમતના શિક્ષકોની વર્ષોથી ભરતી બંધ છે. ગ્રાન્ટવાળી અને સરકારી શાળા-કોલેજોના શ્વાસ રૂંધીને મારી નાંખીને બંધ કરવાની પ્રક્રિયા ભારતીય જનતા પાર્ટીની સરકાર ૨૭ વર્ષથી કરી રહી છે. રાજ્યની પ્રવાસી શિક્ષકો નીમવાની નીતિએ આપણી શિક્ષણ વ્યવસ્થામાં વિદ્યાર્થીઓને પ્રવાસી બનાવી દીધા છે !

ગુજરાતની યુનિવર્સિટીઓમાં એક વખતે ઉમાશંકર જોષી, ડો. પી. સી. વૈદ્ય, યશવંત શુક્લ, સુરેશ દલાલ, પ્રો. એન. આર. દવે જેવા કુલપતિઓની નિમણુંક થતી હતી પરંતુ ભાજપના રાજમાં આરએસએસ બેકગ્રાઉન્ડવાળા, લાયકાત વગરના અને ભ્રષ્ટ લોકોની યુનિવર્સિટીઓના કુલપતિ તરીકે નિમણુંક કરીને યુનિવર્સિટીના શિક્ષણને ખાડે લાવી દીધું છે. અમુક લાગવગીયા અને વેપારી તત્ત્વોને ખાનગી યુનિવર્સિટીઓ આપીને આવી યુનિવર્સિટીઓને ડીગ્રી અને પીએચ.ડી.ની પદવીઓનો વેપાર કરવાનો પીળો પરવાનો આપી દેવામાં આવ્યો છે.

વેપાર કરવાના હેતુથી ખાનગી શાળા-કોલેજોનો રાફડો ફાટયો છે. જે ગુજરાતના બાળકો અને યુવાનોનું આર્થિક અને માનસિક શોષણ કરે છે. એક વખત ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, એમ.એસ. યુનિવર્સિટી, સરકારી કૃષિ યુનિવર્સિટીઓ જેવી આપણી યુનિવર્સિટીઓનું નામ સમગ્ર દેશમાં ગૌરવથી લેવાતું હતું પરંતુ છેલ્લા બે દસકામાં આપણી એક પણ યુનિવર્સિટી દેશમાં ૧થી ૧૦૦ સુધીના ક્રમમાં આવતી નથી. આવી જ હાલત આપણી મેડીકલ અને એન્જિનિયરીંગ કોલેજોની છે. ત્યાં પણ ગુણવત્તાના નામે મીંડું છે. શિક્ષકો અને માળખાકીય સગવડતાઓના અભાવે વિદ્યાર્થીઓનો ભોગ લેવાય છે.

માન. શિક્ષણ મંત્રીશ્રીએ દેશના રાજસ્થાન, પંજાબ, કેરાલા સહિતના દક્ષિણના રાજ્યોની શિક્ષણ વ્યવસ્થા તપાસીને તથા કોંગ્રેસના શાસનના ૧૯૯૫ પહેલાંના ગુજરાત રાજ્યની પ્રાથમિક-માધ્યમિક-યુનિવર્સિટી કક્ષાના શિક્ષણની વ્યવસ્થાનો અભ્યાસ કરીને આપણી શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરવાની વાત કરીને બજેટમાં યોગ્ય જોગવાઈ કરી હોત તો આપણા બાળકો-યુવાનોને ખાનગી શાળા-કોલેજોમાં ભણવા જવા મજબુર બનવું ન પડત.

૧૯૯૫ પહેલાં રાજ્યમાં તમામ યુનિવર્સિટીઓમાં ઉત્તમ અને ગુણત્તાવાળા કુલપતિઓ અને શિક્ષકો નીમાતા હતા, કોલેજોમાં લાયબ્રેરીયન અને રમતગમતના શિક્ષકો અને વહીવટી સ્ટાફ નીમાતો હતો તથા પૂરતા અને લાયકાતવાળા પ્રોફેસરો નીમાતા હતા. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નિયમિત રીતે શિક્ષકોની ભરતી થતી રહેતી હતી. દર વર્ષે સેંકડો ગ્રાન્ટવાળી શાળા-કોલેજોને મંજૂરી મળતી હતી. ૧૯૯૫ પહેલાં રાજ્યની ઓછી આવક છતાં શિક્ષકો/અધ્યાપકોની ભરતીમાં અને શિક્ષકોને પૂરો પગાર આપવામાં ક્યાંય નાણાંકીય મુશ્કેલીઓ આવતી નહોતી અને પ્રવાસી શિક્ષકો જેવી પ્રથા હતી જ નહીં.

૨૭ વર્ષમાં ભાજપની સરકારે શિક્ષણમાં દેવાળું કેમ કાઢયું તેના ઉપર પીએચ.ડી.ના અનેક થીસીસ લખાય તેવો 'અંધેર નગરી અને ચોપટ રાજા' જેવો વહીવટ ભાજપ સરકારે કર્યો હોવાનો આક્ષેપ કરીને શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ કરીને ભારતીય જનતા પાર્ટી પાસે શિક્ષણ મંત્રીશ્રીનું રાજીનામું લઈને રાજ્યના વાલીઓ, યુવાનો અને બાળકોની માફી માગવાની માંગણી કરી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા